# અનુગૂંજ




હિમાંશુરાય હર્ષદરાય રાવલ 'હકી

# અનુગૂંજ

કવિ : હિમાંશુરાય રાવલ 'હકીર'

પ્રકાશક : શ્રીમતિ પારુલ રાવલ
૧૧, અશેષપાર્ક સોસાયટી,
૩૩, ભાઈકાકાનગર, થલતેજ,
અમદાવાદ-૩૮૦ ૦૫૯.

Email : gramindev@yahoo.co.in
vishveshraval@gmail.com



**સર્વ અધિકાર પ્રકાશક હસ્તક**



આવરણ : શ્રીમતિ પારુલ રાવલ

પ્રથમ આવૃત્તિ : જૂન - ૨૦૦૯ (૫૦૦ પ્રતિ)

મુદ્રક : ટી એન્ડ ટી પ્રિન્ટોરીયમ,
૨૭૧/૨, ભવાનપુરાની પીઠ,
રાયપુર દરવાજા બહાર,
અમદાવાદ-૩૮૦ ૦૨૨.

મૂલ્ય : રૂા. ૩૦/-


## પ્રકાશકનું નિવેદન

સુજ્ઞ પાઠક

આ કાવ્ય સંગ્રહની પ્રથમ આવૃતિ પ્રકાશિત કરતાં હું અત્યંત આનંદ વિભોર છું. હિમાંશુ ભલે ગુજરાતની બાહર રહ્યાં હોય પણ હું તો અહીંની જ છું અને ગુજરાતી સાહિત્ય અને સંગીત થી નીતરતાં પરિવારની દીકરી છું. ભિન્ન-ભિન્ન ભાષાનાં ભિન્ન-ભિન્ન સંતોનાં, કવિઓનાં ગાયકોનાં સમ્પર્કમાં રહી - રહીને આ વ્યક્તિ ભીની આંખે અહર્નિશ ગાયે જાય છે. બેંકનાં કામ થી દૂર પ્રદેશો માં જાય તો ત્યાં પણ સાંજે ધુન-ભજન-ગીત શોધી કાઢે, અને શીખે. ઘરે આવે ત્યાં સુધીમાં બધુ જ આત્મસાત્ કરી લે અને પછી શરૂ થાય તેનું રૂપાંતરણ.

મારે ઘરે ત્રિપુટી છે. ચિ. બ્રહ્મઘોષ રાત્રે વાંચવા બેસે એટલે પૂજાગૃહ માં અમારી ત્રિપુટી ગોઠવાય. એક ખૂણે દેવ, બીજા ખૂણે હિમાંશુ અને હારમોનિયમ અને ત્રીજા ખૂણે હું. કોઈ - કોઈ વાર સિનેમાનાં ગીત - ગઝલ ગાય પણ મોટે ભાગે તો પોતાની હિન્દી / ઉર્દૂ કે ગુજરાતી રચનાઓ જ ગાય. કોઈ સુકવિની રચનાનો ભાવાનુવાદ થાય. આ બધું હું ચુપચાપ જોઉં. લગભગ પ્રત્યેક ઉત્તરરાત્રિએ મારા પૂજા સ્થાને ગીતોનો પ્રસાદ ચઢે. આવી નિત્ય સાધના ની સાક્ષી છું. મને ગૌરવ છે કે જેમ હિમાંશુ ની ઉર્દૂ, હિન્દી રચનાઓ પર અન્ય ભાષાની છાપ સિદ્ધ સમીક્ષકો ને મળી શકી નથી તેમ અનુગૂંજ માં ક્યાંય પણ ગુજરાતી રણકા અને ગુજરાતી ભાષા સિવાય બીજુ જોવા મળશે નહીં.

મને આશા છે કે આ રચનાઓ સૌને ગમશે. જો ગવાશે તો વધુ ને વધુ ગમતી જશે.

પારૂલ રાવલ
૩૦ જૂન ૨૦૦૯

## પ્રસ્તાવના

પ્રિય વાચક !

અનુગૂંજ નું ઉદ્‌ગમ બિંદુ એટલે મારૂં આસ્તિકતા ભરેલું શૈશવ. પ્રખર તપસ્વિની એવી મારી દાદીમાં જેની સિદ્ધિઓ મેં નજરે જોઈ. ઘાતક માંદગીમાં તરફડતો મારો નાનકડો દેહ અને તેના પર અતુલ્ય વાત્સલ્ય નો સતત અભિષેક કરતા મારી મમ્મીનાં પ્રેમાશ્રુ; જીવનદાતા એવા એના બે હાથ અને બ્રહ્માંડને વામણું સિદ્ધ કરતો એનો ખોળો. કર્મઠ, બલવાન અને આત્મવિશ્વાસની મૂર્તિ સમા મારા પિતાજી. હારમોનિયમ લઈને ગાતાં મારાં નાના મામા. વિશ્વેશ અને મીનાક્ષી નામના બે રમકડા. આ વાતાવરણમાં હું ક્યારે નિઃશબ્દ પ્રાર્થના લખતો-ગાતો થઈ ગયો તે મને ખબર નથી. મને યાદ છે કે હું એકાંત ચોતી-ગોતી ને ઘરનાં દેવારે બેસી ત્યાં ઉપસ્થિત સૌ દેવોને કાંઈ-કાંઈ કહેતો અને છેવટે રડી પડતો. એક આનંદ. એક સંતોષ. અભિવ્યક્તિની કોઈ જ આવશ્યકતા વગર સ્વાંતઃ સુખાય શબ્દો અને સ્વર. નિતાંત વૈયક્તિક અને અત્યંત નિષ્પ્રયોજન.

પછી મારી બાલ હઠ સામે મને છ રૂપિયાનું બુલબુલતરંગ મળ્યું અને જાણે મને બધુ મળી ગયું. પહેલા જે દીવા પાછળથી દેવારામાં અનુભવાતું તે મને આ તંતુવાદ્યમાં પણ મળી ગયું. ચલાયમાન મંદિર મળી ગયું. શબ્દો અને સ્વર મળવા લાગ્યા. મને યાદ છે કે હું ત્યાર થી જ સ્વરચિત એવું કાંઈ ગાતો રહેતો. આત્માલાપ. સાથે હોય વિશ્વેશનાં ટેબલ-તબલા. બન્ને ભાઈઓ ઘણો આનંદ કરતાં. મારી મૌલિકતાનો એ પ્રમુખ સાક્ષી છે. હજુ હમણાં સુધી એને સમજાતું નહીં કે હું ગાતા-ગાતા રડી કેમ પડતો અને મારા ગીતોમાં તબલાનું સ્થાન ઘટતું કેમ જતું હતું ! બંગાળમાં ઘણાં ખરા સુંદર ગીતો "તાલ-છાડા" જ છે !

મને આનંદ છે કે પ્રભુની અસીમ કૃપાને કારણે મારો પ્રથમ હિન્દી/ઉર્દૂ કાવ્ય સંગ્રહ "પિઘલતી બર્ફ" મારા પૂ. પિતાજીનાં પચાસમાં જન્મદિને પ્રકાશિત થયો. હું ઋણી છું અને રહીશ કે મૂર્ધન્ય કવિ સ્વ. હરિવંશરાય બચ્ચન અને સ્વ. કૈફી આઝમી એ તેની ભૂમિકા લખી અને સ્વ. હસ્રત જયપુરીએ તેનું વિમોચન કર્યું. આજે ચિ. બ્રહ્મઘોષ નો વીસમો જન્મ દિન છે અને મારી ગુજરાતી રચનાઓનો સંગ્રહ 'અનુગૂંજ' પ્રકટ થાય છે. એક બાજુ પિતા અને બીજી તરફ પુત્ર વચ્ચે ભાગ્યશાલી એવો હું આ પ્રસંગે ઈશ્વરનો ધન્યવાદ કરૂ છું. શ્રી મન્ના દે, સ્વ. હેમંતકુમાર, શ્રી ભૂપેન્દ્ર સિંહ, શ્રી સુરેશ વાડકર, સુશ્રી પુષ્પા પાગધરે, શ્રીમતી દીવાળીબેન ભિલ જેવા સિદ્ધ ગાયકો નો તેમજ સ્વ. હંસરાજ બહલ, સ્વ. સી. અર્જુન, સ્વ. સ્નેહલ ભાટકર જેવા ગુણી સંગીતકારોનો જેમણે મારા હિન્દી, ઉર્દૂ તેમજ ગુજરાતી ગીતો ને લાડ લડાવ્યા તેમનો આ પ્રસંગે હું ધન્યવાદ કરૂં છું. તેમના સાથ-સંગાથે મારૂં બળ વધાર્યું છે અને હિમ્મત આપી છે. મારા અસ્તિત્વ અને કૃતિત્વ બંને માં સૌ ગાયકો, સંગીતકારો, કવિઓ અને સાધુ-સંતોનો અનન્ય ફાળો રહ્યો છે. મારૂં અહોભાગ્ય.

મિત્ર, ખરી રીતે ગુજરાતી ગીત-લેખનનો આરંભ મેં જૂનાગઢ ખાતે કર્યો સન ૧૯૯૭ માં. ત્યાર પહેલા બે કે ત્રણ જ રચનાઓ પ્રાપ્ત થયેલ. ત્યાં પૂ. મોનાબેનના આશ્રમમાં માતાજીની પ્રતિમા સામે ગાવાનો લાભ કેમ ભૂલાય ! પછી કલકત્તા રહેવાનું થયું. સ્વ. રવીન્દ્રનાથ અને સ્વ. કાઝી નઝુલ - ઈસ્લામનું મોલ કરી શકાય તેમ નથી. ગાયક-કવિ એવા આ બે દિગ્ગજોની રચનાઓનાં ભાવાનુવાદ આ સંગ્રહમાં જુદા તરી આવતાં જોઈ શકાશે. મને કાઝી અત્યંત પ્રિય છે. તેમની 'તાલ-છાડા' રચનાઓના મારાં ભાવાનુવાદને તેમની રચનાઓનાં એકમાત્ર આધારભૂત વ્યક્તિ અને પ્રખર ગાયિકા એવા તેમના પુત્રવધૂ શ્રીમતી કલ્યાણી કાઝી એ જ્યારે વખાણ્યો અને જ્યારે ૨૯ ઓગસ્ટ ૨૦૦૮ના રોજ સ્વ. કાઝીની પુણ્યતિથિ પ્રસંગે બંગાળી દ્રશ્ય શ્રાવ્ય માધ્યમે આખો દિવસ પ્રસ્તુત કર્યો ત્યારે મને હાર્દિક ધન્યતાનો અનુભવ થયો.

મારી ગુજરાતી ભાષા, પિંગળ કે અક્ષર મેળ છંદો કે જોડણી કોશ પર આધારિત નથી. જેમ બોલાય છે તેમ હું લખુ છું. ધ્વનિમેળ અને માત્રા મેળને વધાવ્યા છે. વળી જે સ્વરો પ્રાપ્ત થયા તેના પર શબ્દો બહુશઃ સ્વયમેવ આવ્યા છે. અર્થાત્ લગભગ બધી જ રચનાઓ મને પ્રાપ્ત થઈ છે-મેં ધારીને લખ્યું હોય તેવું આ માં બહુ નથી ! કોઈએ ગાયું, દૂર કોઈ પ્રદેશે, મને તે સંભળાયું અને જે સમજાયું તે આ રચનાઓ. માટે જ આને મેં અનુગૂંજ એવું નામ આપ્યું છે.

અ.સૌ. પારૂલદેવીનો ધન્યવાદ. તેમના સાથ વગર હું રોજ સાંજે નિશ્ચિત થઈ હારમોનિયમ લઈ બેસી ન શકત ! ભાઈશ્રી વિનોદભાઈ ઠક્કરનો હું આભાર માનું છું કે તેમણે ધીરજપૂર્વક પ્રકાશનનું ઉત્તરદાયિત્વ નિભાવ્યું છે. મારા શિક્ષા ગુરુ અને મારા માસા. પૂ. શ્રી રમણીકલાલ દવે અને મારા દીક્ષા ગુરુ પ.પૂ. શ્રી મહેન્દ્રભાઈ રાવલના આશિષ અહીં પ્રતિલક્ષિત છે.

મારા ઉદ્‌ગાર, મારા ગીતો, મારા શબ્દ, મારી અભિવ્યક્તિ, મારૂં અસ્તિત્વ, મારૂ કિંચિત કૃતિત્વ ઈત્યાદિ નિત્ય જેનું ઋણી રહેવા માંગે છે એવી મારી પૂજનીય માં શ્રીમતી મનોરમાદેવી રાવલને ચરણે આ સંગ્રહ મૂકી કૃતાર્થ થાઉં છું. શેષ શુભ.

૩૦ જૂન ૨૦૦૯

અમદાવાદ

# અનુક્રમ


| ક્રમ | કાવ્ય | પૃષ્ઠ નં. |
|---|---|---|
| ૧. | ગુરુદેવ, દેવ (ગુરુ વંદના) | ૧ |
| ૨. | સુણજે દૂંદાળા, વ્હાલા, દીન દયાળા ! (ગણેશ વંદના) | ૧ |
| ૩. | આ તો એની વીણાનો ઝણકાર (સરસ્વતિ વંદના) | ૨ |
| ૪. | મધુ ઝરતો સ્વર (માતૃ વંદના) | ૨ |
| ૫. | મંદિરનાં પહેલાં સોપાને (માતૃ વંદના) | ૩ |
| ૬. | મંદિર ગયેલો નથી | ૪ |
| ૭. | દૂરનાં દીવા ઉરમાં થાય | ૪ |
| ૮. | જ્યાં નાચે મન, ત્યાં વૃંદાવન | ૫ |
| ૯. | મારી નાની રે નિશાળ | ૫ |
| ૧૦. | હું નિરખું, તું સામે બેસ | ૬ |
| ૧૧. | મારે નથી રે જવું ગોકુળ ગામ | ૬ |
| ૧૨. | એ દ્વારે આવી ઉભી આખી રાત | ૭ |
| ૧૩. | અમ્બા મારી આવે, દોડી-દોડી આવે | ૭ |
| ૧૪. | માડી મારો ઝાલી રાખે હાથ | ૮ |
| ૧૫. | રામા ! અરજી કરૂં તને | ૮ |
| ૧૬. | આવે રામજી મારે ગામ જી | ૯ |
| ૧૭. | મારે રામનાં રખોપા | ૯ |
| ૧૮. | ઓ જગતનાં ધણી | ૧૦ |
| ૧૯. | જગબંધુ હે ગોસાંઈ | ૧૦ |
| ૨૦. | ઝાલર વાગે, દેરે દીવા થાય | ૧૧ |
| ૨૧. | ઓધવજી ! તમ કેવા જ્ઞાની | ૧૧ |
| ૨૨. | ઓધવજી ! જાજો કાનને કે'જો આ સંદેશ | ૧૨ |
| ૨૩. | અધર ચઢે તે ગીત | ૧૨ |
| ૨૪. | રંગ ઉડે કાંઈ આજે ! | ૧૩ |
| ૨૫. | મારા દેવઘરે દીપ કર્યો આજ | ૧૩ |
| ૨૬. | વીરપુર જાજે | ૧૪ |
| ૨૭. | સંસારે બીજું કોણ અમારે | ૧૪ |
| ૨૮. | એ ઘણી ખમ્મા તને, માત તને ! | ૧૫ |
| ૨૯. | હાલો, પીવા પ્રેમ પિયાલો | ૧૫ |

| ક્રમ | કાવ્ય | પૃષ્ઠ નં. |
|---|---|---|
| ૩૦. | જે તને રે ગમે | ૧૬ |
| ૩૧. | હું તેં દીધેલી કાયા માં | ૧૬ |
| ૩૨. | એ માડી ! હું મોહન તારો | ૧૭ |
| ૩૩. | ઓ રંગનાથ ! મને રંગો ને | ૧૮ |
| ૩૪. | ક્યાં છે, ક્યાં છે ઓધવજી મારો લાલજી ? | ૧૮ |
| ૩૫. | લખમી નાં ખોળે, રૂપલા હીંડોળે | ૧૯ |
| ૩૬. | આ રે પાર રે'વું મારે ઓલ્યા પારે ઘર | ૧૯ |
| ૩૭. | તારાં ચરણોને અડીને ફૂલ આવ્યાં બારણે | ૨૦ |
| ૩૮. | માડી ! તારા ખોળે સંતાવું મારે | ૨૦ |
| ૩૯. | નામ લઉં ત્યાં તો કીર્તન જાગે | ૨૧ |
| ૪૦. | ચોરે છે ચીર અને વનમાં ભમે છે | ૨૧ |
| ૪૧. | એક ખૂણે રે મને આશ્રય દે, માં ! | ૨૨ |
| ૪૨. | ઘરે લઈ જા | ૨૨ |
| ૪૩. | કોણ કહે, કાનૂડાને કોણ કહે ! | ૨૩ |
| ૪૪. | સ્વપ્ન મહીં દેહ ધરી આજ મળી કલ્પના | ૨૩ |
| ૪૫. | જા તને મારા વિના દુનિયા મળે (ગઝલ) | ૨૪ |
| ૪૬. | નથી સુરાલય જાવું મારે નથી શિવાલય જાવું (ગઝલ) | ૨૪ |
| ૪૭. | નયન મહલનાં પ્રેમ દ્વાર થી આંસુ કાં આવે (ગઝલ) | ૨૫ |
| ૪૮. | બસ જવાનું થયું ટાણું, દે ને વિદાય (ગઝલ) | ૨૫ |
| ૪૯. | માટી માંથી માટી - માટી (ગઝલ) | ૨૬ |
| ૫૦. | રડતા ફૂલો, દૂ:ખની માળા | ૨૬ |
| ૫૧. | પ્રેમાંજલિ ગીતોની સ્વીકારી લે | ૨૭ |
| ૫૨. | નિહાળો ને મને અનિમેષ નયને | ૨૭ |
| ૫૩. | જ્યાં સાંજ પડે, ઘર યાદ આવે | ૨૮ |
| ૫૪. | કયા સરનામે, કોના નામે | ૨૮ |
| ૫૫. | એ રાધા ! હું મોહન તારો | ૨૯ |
| ૫૬. | એક સુખદ પ્રાત | ૨૯ |
| ૫૭. | મને જે ગમે તે તું, બસ તું | ૩૦ |
| ૫૮. | મુજ નમાયાનાં હવે કોણ લે ઓવારણાં રે | ૩૦ |

| ક્રમ | કાવ્ય | પૃષ્ઠ નં. |
|---|---|---|
| ૫૯. | દિવસોનાં દિવસો ને વરસો નાં વરસો | ૩૧ |
| ૬૦. | તું નથી પાસ પ્રિયે પણ આજે (નઝ્મ) | ૩૨ |
| ૬૧. | એની ચિર નિદ્રાને ભાંગશો મા | ૩૩ |
| ૬૨. | આ વૈશાખ પ્રભાતે | ૩૩ |
| ૬૩. | પૂરી થાવા આવી વેળા | ૩૪ |
| ૬૪. | શાને મે ના કર્યું ભીનું આંગણું | ૩૪ |
| ૬૫. | ભીનાં હોઠો,ગીતો ભીનાં | ૩૫ |
| ૬૬. | સમય નીરની સરિતા મહીં રસ થી નીતરતાં | ૩૫ |
| ૬૭. | જીવન ગીતો પામ્યાં અધર કેરાં તીરે | ૩૬ |
| ૬૮. | હોઠો પર નાં ગીતો લૂછે લોચન કેરાં પાણી | ૩૬ |
| ૬૯. | નદીનાં શાંત તીરે | ૩૭ |
| ૭૦. | સરખાં-સરખાં દ્વાર નગરમાં સહુનાં લાગે ત્યારે | ૩૭ |
| ૭૧. | મારાં બે નયન | ૩૮ |
| ૭૨. | મને કોણે પે'રાવી આ માલા | ૩૯ |
| ૭૩. | લઈ જાઉં પાછી તૃષા કેમ | ૩૯ |
| ૭૪. | યુગો નાં યુગો આંગણિયે ઝળહળશું | ૪૦ |
| ૭૫. | જાતાં - જાતાં કોઈ રોકે | ૪૦ |
| ૭૬. | મને ક્યારે દેખાશે દેવારે | ૪૧ |
| ૭૭. | સંધ્યા વેળા થાવા આવી | ૪૧ |
| ૭૮. | જાવા ટાણે સામે રે'જો | ૪૨ |
| ૭૯. | મારૂં જીવન પાત્ર | ૪૨ |
| ૮૦. | એક જ ફુલડું મારૂં | ૪૩ |
| ૮૧. | જગ મેળા મહીં | ૪૩ |
| ૮૨. | ડોલે વ્રજમાં બાલકિશન હરિ | ૪૪ |
| ૮૩. | પીતામ્બર પરિધાન રે માડી ભોજન કરો ને (થાળ) | ૪૪ |
| ૮૪. | મંદિરમાં ગૂંજતો (આર્ત્ત)નાદ | ૪૫ |
| ૮૫. | ફૂલ કહે ફેલાવું મારે | ૪૫ |
| ૮૬. | મારાં ગીતોને પ્રેમ ન કર | ૪૬ |
| ૮૭. | ઘણાં અનુપમ ઘડયાં છે તેજ | ૪૬ |

ગુરુદેવ, દેવ
સાક્ષાત્ સ્નેહ ત્વમ્ એકમેવ
નિસ્સીમ પ્રેમ, કરૂણા અનંત
અતિશય કૃપાલુ, અતિતેજવંત
મૃદુતમ, અમેય

શબ્દો, પ્રતાપ થી સભરં મંત્ર
પદચિહ્ન આપનાં બન્યાં યંત્ર
અનુપમ ત્વમેવ
ગુરુદેવ, દેવ.

* * * * *

સુણજે દૂંદાળા, વ્હાલા, દીન દયાળા !
સારા-સારા વાનાં સૌનાં કરજે કૃપાળા

જમણે જગતનો બાપો, ડાબે જગનાં માડી
વચમાં તું કેવો શોભે, રંગે રૂપાળા !

તારે રે ભરોસે મારી ભવની કમાણી
રાખજે અમર તું મારે ઘેર અજવાળા

મૂડી તારી મોંઘી અને ઊંચી તારી મેડી
જૂનો તારો ગઢને, તારા હાથ બળ વાળા

આ તો એની વીણાનો ઝણકાર
કાં તો એના ઝીણા ઝાંઝર ઝણક્યાં મારે દ્વાર

કાં તો એણે ચાખી વાટકડી માં ધરેલી ખીર
કાં તો રણક્યું ગોખની પાસે ઘૂઘરિયાળું ચીર
કાં તો અડી રે બાજઠિયાને કંકણ ની ધાર
કાં તો મારા મનની ભ્રમણા હોય
કાં તો મારી ભીની આંખે રમતાં શમણાં હોય
કાં તો મારા કલાવાલા આજ થયા સ્વીકાર
અંતર કે'છે "નાવડી મારી આજ થઈ છે પાર"
આ તો એની વીણાનો ઝણકાર

* * * * *

મધુ ઝરતો સ્વર,
કર પ્રેમ સભર, માં યાદ આવે

જેના ખોળે મૂકી માથું
બાંધી લીધું અક્ષય ભાથું
ઘૂઘવતો મમતા નો સાગર.... માં યાદ આવે

જેનાં શબ્દો વરદાન સમા
નિસ્સીમ દયા, સાક્ષાત ક્ષમા
આંખે વરસે અમૃત ઝરઝર.... માં યાદ આવે

ઉપમા દઈ જોયું તો અનુપમ
ગુણ ગાયાં તો ખૂટી સરગમ
ધવલા, સરલા, શુભકર, સુંદર... માં યાદ આવે



મંદિરનાં પહેલાં સોપાને
આ પોથી નાં પહેલાં પાને
જે નામ લખ્યું છે તારૂં છે, માં ! તારૂં છે.

કોરાં પાલવ ભીનાં કીધાં
મારા આંસૂ લૂછી લીધાં
છે ધન્ય તને, તારૂં અડવું
સઘળા દુખડા હરનારૂં છે.... જે નામ....

હો એક ભલે તારી કાયા
આ દેવો તારા પડછાયા
આ નામ હૃદયને શ્રદ્ધાથી
ઝળહળ-ઝળહળ કરનારૂં છે .... જે નામ....

મમતાનાં વાદળથી ઘેરૂં
નિસ્સીમ ગગન થી ઊંચેરૂં
જે આંખે જગ મંદિર ભાસે
તેવી આંખો દેનારૂં છે.... જે નામ....

મંદિર ગયેલો નથી
વ્રજમાં રહેલો નથી
ગુણ થી ભરેલો નથી
ઝાઝું ભણેલો નથી.
સોના ને હૈયે ધરૂં
એવો વિલાસી નથી.
ઘર-બાર ત્યાગી શકું
એવો વિરાગી નથી.
પણ જ્યાં ધરૂં તાંદુલને
ફળિયે પધારે કાનો,
પણ મારી સૂકી બાટી
કેશવ જમી લેવાનો,
જ્યાં મેં કર્યાં બે દીવા
હાજર થઈ રે માડી-
મુખડું કૃપાળુ, અંગે
ધોળી ને પીળી સાડી.

*****

દૂરનાં દીવા ઉરમાં થાય
અંતર માંહે આરતી થાય
જાણે દ્વારે આવ્યું કોઈ
જો, સાંભળ, પગરવ સંભળાય
અંતરપટ નાં દ્વાર ઉઘડતાં
ના સમજાયેલુ, સમજાય
લઘુને માથે વિભુ રે વરસે
દડ-દડ-દડ-દડ આંસૂ જાય



જ્યાં નાચે મન, ત્યાં વૃંદાવન.
કાંઈ ફેર નથી, ઘર હો કે વન
હું જ્યાં જોઉં ત્યાં દે દેખા
જ્યાં નરસૈયો ત્યાં શામળશા
જ્યાં-જ્યાં મીરા, ત્યાં-ત્યાં મોહન
શ્રીમાત લખન લાલા સાથે
હું બોર ધરૂં, રાઘવ ચાખે,
આપે દર્શન, દશરથ-નંદન
સીધી ને સાદી એક પ્રથા
દ્વારે આવે તે દેવ બધા
શત-શત વંદન, શત-શત અર્ચન

*****

મારી નાની રે નિશાળ
જેનાં શ્રદ્ધા કેરાં દ્વાર, જેની પ્રેમની પરસાળ

જેમાં ગુરુ દ્વારકાનાથ, જેની ધજા બાવન હાથ
જેનો છાયો રે વિશાળ........મારી નાની રે નિશાળ

જેમાં ગુરુ દત્તાત્રેય, વિદ્યા વિવિધ જેનું ધ્યેય
હે ગિરનારી ! દીન-દયાળ........મારી નાની રે નિશાળ

જેમાં ગુરુ રાજારામ, શતધા સદય-ને-સુખધામ
ભકતો તણી લેતા ભાળ........મારી નાની રે નિશાળ

ગુરુની ગુરુ મારી માત, ચારે વેદ જેને હાથ
કરૂણામયી ને પ્રેમાળ ........મારી નાની રે નિશાળ

હું નિરખું, તું સામે બેસ
માખણચોર તણો લઈ વેશ

મોર પિચ્છનો ધર તું માથે
અને રાખ મોરલડી હાથે
પછી ઉડે કુંડલિયા કેશ............ સામે બેસ

કટિ પર હો રૂડું પીતામ્બર
પગે ઝણકતાં ઝણ-ઝણ ઝાંઝર
ખભે રાખ નાનકડો ખેસ.......... સામે બેસ

પછી હસ ઊંચે આકાશે
હસતો-રમતો-ગાતો જાશે
કંઈ ન બાકી, કંઈ ન શેષ......... સામે બેસ

* * * * *

મારે નથી રે જવું ગોકુળ ગામ
કાનો આવતો હશે સામોસામ.

તમને સામો મળે તો આ કે'જો
મારી યાદી, સ્મરણ મારા કે'જો,
કહેજો - કહેજો કહ્યાં છે પ્રણામ....

સૌથી મોંઘી જગે વ્રજની વીથી
સૌથી વ્હાલી મને તારી બંસી
સૌથી મીઠું સખા તારૂં નામ.....

સામો આવીને બેસે તો સાચો
બથ માં ભરી-ભરી ભેટે તો સાચો
ખોબા ભરી-ભરી દેજે ઈનામ.....

હું રે ભલો ને ભલો મારો લાલો
ત્રિભુવન કેરો ધણી મારો વ્હાલો
જેના ચરણોમાં છે ચારે ધામ....

એ દ્વારે આવી ઊભી આખી રાત
મેં બારીએથી જોઈ જેની વાટ.

બે કુમકુમનાં પગલાં દીઠાં બારણિયે
ને જોઈ એની છાપ બધે આંગણિયે,
કાં રે સંતાઈ મુજથી મારી માત !.....

મેં હિબકા માં માડીનો સાદ ન જાણ્યો
હું વીણામય ! નૂપુર થી રહ્યો અજાણ્યો
પાસે આવી ને ભરી શક્યો ના બાથ !.....

જે આવી'તી તે ફરી આવશે પાસે
જ્યાં સમય પાકશે, મારી વ્હારે ધાશે
ધન ખોવાયેલું ફરી લાગશે હાથ !.....

* * * * *

અમ્બા મારી આવે, દોડી-દોડી આવે
સ્મરતાં, રિપુહારિણી, ભુવન - મોહિની આવે

અલખ લોકથી વિના વિસામે
સાદ કરૂં ને આવી સામે
સજી સોળ શણગાર, ગરિમા અપરંપાર
લઈ આયુધો હાથ અભયદાયિની આવે

ત્રિપુરભૈરવી, છિન્ના, માતા !
કાલી કમલા તારા માતા !
રૂપ અનેક અનેક, પણ માં બસ એક
નિપઠ બાળની પાસ શૈલનન્દિની આવે

માડી મારો ઝાલી રાખે હાથ-
કોઈ મને કે'શો મા અનાથ.

કેશ જાણે ભમ્મર કાળી રાત
મોડ માથે તારલિયા ની ભાત
સેલું જાણે પીળુ રે પરભાત .....

માથે જેના ચાંદા-સૂરજ બોડ
એની આંખે શું હો આભડછેડ
એના માટે સરખી નાત ને જાત ......

જાણે કોઈ ચાલે સાથો - સાથ
કાને કે'તું ગમતી ઓલી વાત
જાણે કોઈ ભીડી રાખે બાથ .....

ભાળ નથી મળતી, સૌ અજાણ
જોને બેઠાં મૂંગા વેદ-પુરાણ
એવી મારી ભોળી-ભોળી માત

*****

રામા ! અરજી કરૂં તને
જોડી ને હાથ
સાંજ પડે દે ઠંડુ પાણી, ચપટીક મીઠું, થોડોક ભાત

મંદિરના પથ પર દેજે ઘર
હાથો ને સેવા ના અવસર
બંસી ને દે પ્રેમ ભર્યા સ્વર
મહેનત ના દિન, સુખની રાત !............

દ્વારે હસતા તુલસી ક્યારા
સ્વજનો હરિનાં ગુણ ગાનારા
દે નયનો ને દર્શન તારા
નિસ-દિન, પલ-પલ રે'જે સાથ !.....



આવે રામજી મારે ગામ જી
શબરી લખો, કેવટ લખો, લખજો હવે મુજ નામ જી.

સરખી કરી લઉં ઝૂંપડી છાયો કરે પ્રભુના શિરે
સાંધી લઉં જરા કામળી કરશે પ્રભુ આરામ જી

નવરાશની ક્યાં છે ઘડી - સામે જવું લઈ નાવડી
કરવા અલગ મીઠાં ફળો, કરવા ઘણાં - ઘણાં કામ જી

નથી બોર કે નથી નાવડી, પ્રભુ સાવ સાધનહીન છું
નથી ફૂલ કે નથી પાંખડી, સ્વીકારજો પરણામ જી

*****

મારે રામનાં રખોપા -
ઝૂલે સોના - રૂપા.

ઝૂલે સાચા મોતીની માળ
શોભે કૌશલ્યાજી નાં બાળ
ચૌદે ભુવનમાં ઝાકઝમાળ, કેવા રૂપ અનૂપા... ઝૂલે સોના-રૂપા

ઝૂલે માખણ દૂધ ને છાશ
મારે કાનૂડા કેરી આશ
રાખું તેને હું મારી પાસ, કેવા રૂપ અનૂપા...ઝૂલે સોના-રૂપા

ઝૂલે સાડી, પટોળા, શાલ
ટાંક્યા હીરા જરી પરવાળ
માડી સ્વીકારે, હરખાતાં બાળ, કેવા રૂપ અનૂપા...ઝૂલે સોના-રૂપા

મારૂં રૂપું એ મારો રામ
મારૂં સોનું એ મારો શ્યામ
મારૂં તીરથ મારૂં ગામ, માડી સાગર - રૂપા...ઝૂલે સોના-રૂપા

ઓ જગતનાં ધણી !
તુજને ખમ્મા ઘણી.

તારા ધરતી-ગગન
તારા સૌ તારા ગણ
તારી કણી એ કણી.....

પામી રે ના શકુ,
માપી રે ના શકુ,
થાકુ ગણી રે ગણી....

તારી વીણા, પ્રભો !
તારી વાણી, પ્રભો !
નાચું ભણી રે ભણી....

*****

જગબંધુ હે ગોસાંઈ
તારા શ્રી ચરણો વિણ મારે બીજો આશ્રય નાઈ

ચાલે આગળ રે બળભદ્ર વચ્ચે બેની સુભદ્રા
પાછળ ચાલે શામળિયો મારો, મારો વ્હાલો કનાઈ...

હીરા-મોતી જડિત રથ ચાલે, નંદીઘોષજી ચાલે
આભા, આભા બની સહુ જોવે, આવે રે જદુરાઈ

જોઈ-જોઈ લાગે સમાધિ, દર્શન સુખ રે અનેરૂં
સૌની આંખે છબી કાળિયાની, થઈ ને અંજન સમાઈ....

ટોળે-ટોળા મળી ઉમટ્યાં રે હરિના ભક્તો બધેથી
સાલ બેગ મને ગવરાવે "મારો થાજે સહાઈ...."



ઝાલર વાગે દેરે દીવા થાય
કલરવ એનાં કડલા નો સંભળાય
ભાઈ કોઈ પૂછી જોજો એને કેવા ભાવે રે પકવાન
મારી પાસે શબરી જેવા બોર ને સુદામા જેવા ધાન
અંતર મારૂં આનંદે ઉભરાય.........

ભાઈ કોઈ પૂછી જોજો એને મારે કેવી ધરવી ભેટ
એ તો ત્રિભુવનની મહારાણી, એના દસે આંગળિયે વેઢ
બાળુડા ને કાંઈ ન સમજાય...........
ભાઈ કોઈ પૂછી જોજો એને મારે દર્શન કરવા કેમ
ક્યારે એના ચરણોની રજ લેવી, કરવી હૈડાંની વાતો કેમ
દેવો જેનો મહિમા ને યશ ગાય.......

*****

ઓધવજી ! તમ કેવા જ્ઞાની
પણ આ સંદેશો શું લાવ્યાં ?
'કાનુડા ને ભૂલી જાજો'
આવું કહેવા શાને આવ્યાં ?

ઓધવજી ! આ પ્રેમી હૈડાં
પળ-પળ "મોહન-મોહન" ઝંખે
ગાયો ઝંખે, ગોપી ઝંખે
જમના નાં કાળા જળ ઝંખે

ઓધવજી ! પોથી ના પાને
લખશો તે જ્ઞાન લખાઈ જશે
પણ માત જસોદા નું આંસૂ
જ્યાં પડશે બધું તણાઈ જશે

ઓધવજી ! મધુકર ને કહેજો
મમતા નો સાગર ઝૂરે છે
બચપણ નાં સહચર ઝૂરે છે
માખણની ગાગર ઝૂરે છે

ઓધવજી ! જાજો કાનને કે'જો આ સંદેશ
"શામળિયા મોહન ! શીદ તેં કર્યું રે વ્રજને વિદેશ
વ્રજનાં આ હૈડાં-પ્રેમીનાં હૈડાં, ધબ ધબ ધબકે પ્રેમ
દડદડ દડદડ જાય રે આંસૂ - શ્રાવણ વરસે જેમ
ઓધવજી ! લાવો શ્યામને - શું કરવો ઉપદેશ ?

ઘણનો ઘણી, મનનો માણીગર મીઠો, માડી જસોદાનો લાલ
કાલિયને નાથી ને બંસી વગાડે નાચે છે થૈ-થૈ દઈ તાલ
ઓધવજી, કલગી કેશ માં, ઘૂઘરિયાળા કેશ !

નિર્ગુણ ની વાતો અમને ગમે નહિ, અમને તો બંસી ની તાન
પોથીના પાનામાં જ્ઞાન ભલે હો, પણ ના આવે જી પ્રાણ
ઓધવજી ! મથુરાધીશ ને કે'જો લાગી છે ઠેસ

*****

અધર ચઢે તે ગીત
પીડ કરે તે પ્રીત
મન મોહે તે મીત, ઓધવજી !

ઓધવજી ! આ હૈડાં તો વીંધાયાં એક જ બાણે
તમ તો જ્ઞાની, તમ શું જાણો, પ્રીત કરે તે જાણે
હાર પછી ની જીત............. ઓધવજી...

ઓધવજી ! આંસુથી ક્યારે પ્રભુનાં પગ ધોયાં છે ?
મીરાં નાં સમ ! બંસી ને ઝાંઝર મળતાં જોયા છે ?
આ જ અમારી રીત............ઓધવજી...



રંગ ઉડે કાંઈ આજે !
આ ફાગણ, રંગોનો શ્રાવણ; મન વરસે તન નાચે

શ્યામ મુખે ચોળીને રંગો નંદનો લાલો આવે
ભરી-ભરી પિચકારી ગોપી દોડી-દોડી આવે
મુખ - દર્શન ને કાજે..........

રંગનાથની રસલીલામાં રંગ ઊડે અવિનાશી
ઢોલ ધ્રબૂકે, ઝાંઝ ઝમાઝમ, તાર સપ્તકે બાંસી
ગાજે રે વ્રજ ગાજે .......

રાધારૂપી વીજ ચમકતી શ્યામ રૂપ વાદળમાં
શ્વેત-શ્યામની છટા અનોખી અંતવિહીન ગગનમાં
ઈન્દ્ર ધનુષ પણ લાજે............

*****

મારા દેવઘરે દીપ કર્યો આજ
જોયું ક્યાંય નથી, ક્યાંય નથી માત !
મને કોઈ કહે વન વગડે ખોવાઈ'તી ગાય
સાવ અજાણી નાર કોઈ લઈ આવી સાથ
..........ક્યાંય નથી માત

મને કોઈ કહે ઝૂંપડીએ ભૂખ્યા'તાં બાળ
સાવ અજાણી નાર કોઈ મૂકી આવી ભાત
.........ક્યાંય નથી માત

વીરપુર જાજે

ક્યાં છે નજરો થી દૂર
જો ને હાજરા-હજૂર
સૌના મન માં બિરાજે..........વીરપુર જાજે

પહેલા કરી લેજે દાન
પછી વાંચજે પુરાણ
પહેલા હરિ ગુણ ગાજે..........વીરપુર જાજે

જે લે શ્રધ્ધાથી નામ
તેને મળે જલારામ
આતુર ભક્તો ના કાજે.........વીરપુર જાજે

એનો મહિમા અનંત
આ તો સોરઠ નો સંત
બોલો એક અવાજે..........વીરપુર જાજે

" દેજે દુખિયાને દાન
દેજે ભૂખ્યાને ધાન
અમૃત દુનિયાને પાજે"......વીરપુર જાજે

* * * * *

સંસારે બીજું કોણ અમારે
નાવલડી જે તારે -
માં-બાપ ગણું, બંધુ ગણું
તું બધું હવે મારે.

ચાલે કોણ મારી સાથ, મારા નાના-નાના હાથ
દે બુદ્ધિ અને શક્તિ મને દીપ કરૂ બે દ્વારે

મને જ્યાં - જ્યાં આવે ઠેસ, મારી પાસે આવી બેસ
મીઠા નેણ, મીઠા વે'ણ, માડી સ્નેહ નાં ઝરણાં રે

મારો દાણાનો પરસાદ, તારો પ્રેમ તો વરસાદ
ત્રણ લોક મહીં ક્યાંય નહીં માં તારી તુલના રે



એ ઘણી ખમ્મા તને, માત તને !

એ ઘણી ખમ્મા બની જનકસુતા
વશ કર્યાં રામ, કથા સૌ સુણતા
એ ઘણી ખમ્મા મારા રામ તને, એ સીતા માત તને.....

એ ઘણી ખમ્મા, ધરી રૂપ ઉમા
વશ કર્યાં દેવ મહાદેવ સમા
એ ઘણી ખમ્મા ભોળાનાથ તને, ઉમા માત તને.....

એ ઘણી ખમ્મા બન્યા માં રાધે
વશ કર્યાં કૃષ્ણ, જગત આરાધે
એ ઘણી ખમ્મા રાધેશ્યામ તને, રાધા માત તને.....

એ ઘણી ખમ્મા તારો પ્રેમ વહે
કોઈ ભૂખ્યા કોઈ તરસ્યા ન રહે
એ ઘણી ખમ્મા અન્નપૂર્ણા તને, એ ધવલવર્ણા તને.....

* * * * *

હાલો, પીવા પ્રેમ પિયાલો
સાકર ફીકી અમૃત ઊણાં - જેનો સ્વાદ નિરાલો

જૂનાગઢ માં નરસૈયા ને
મેવાડે બાઈ મીરા ને
મળી ગયો મતવાલો... હાલો

ધન્ય દ્વારિકા તારો ઠાકર
કુરુનો ગુરુ મથુરાનો નાગર
વ્રજ માં બંસીવાળો... હાલો

જે તને રે ગમે
તે મને રે ગમે

ચંદન- ચોખા તણું
ભાલે તિલક કરૂં -
જો તુ થોડુ નમે...............

તાંદુલ-બોરાં ધરૂં
શીરા-પૂરી કરૂં -
જો તુ સાથે જમે...............

આવું ચોકે રમવા,
ગાઉં છંદો નવા -
ચાંદા - સૂરજ રમે............

ખોબા ભરી રે ભરી
કિરપા ઘણી રે કરી -
આંખે અમૃત ઝમે..........

✻✻✻✻✻

હું તો દીધેલી કાયા માં
ને તું મારા પડછાયા માં
અજવાળા માં જૂદા લાગે
પણ એક થયાં અંધારા માં



એ માડી ! હું મોહન તારો,
સુણજે મારો સાદ.

મોકલજે પાલવનો કટકો-
ત્રિભુવન નો વિશ્રામ,
જાણે વડલા કેરો છાયો
મમતા જેનું નામ,
અગણિત જેનો પાડ.........સુણજે મારો સાદ

મોકલજે ઓલી વાટકડી
મૂકી માખણ સાથ,
જેમાં મિસરી ઘોળી દેતાં
અમૃત ઝરતાં હાથ;
અનુપમ જેનો સ્વાદ.......સુણજે મારો સાદ

મોકલજે જમનાનું પાણી
દીધાં જેણે પ્રાણ,
મોકલજે નાનકડી બંસી
પ્રેમ તણુ ગુણગાન;
મીઠી - મીઠી યાદ..........સુણજે મારો સાદ

ઓ રંગનાથ ! મને રંગો ને
તપી સૂરજથી વાટ મારાં જનમોની
પડયા ફીકા સૌ રંગ, મને રંગો ને

ઋતુ સોળે શણગાર સજી બેઠી છે
એનાં હોઠો ની વાત ઘણી મીઠી છે
વળી પૂનમ ની રાત.... મને રંગો ને !

નવી ચુંદડી ઓઢો ને નવી માળા છે
નવા નૂપુર રણકે ને નવા ચુડલા છે
રગેરગ માં છે રાગ..... મને રંગો ને

નથી રસનો ઉલ્લાસ હૃદયમાં માતો
વિરહ-પીડાનો ડંખ નથી સે'વાતો
ઘણાં ઝંખે છે પ્રાણ.... મને રંગો ને

✻✻✻✻✻

ક્યાં છે, ક્યાં છે ઓધવજી મારો લાલજી ?
મારે કરવાં છે એને ઘણાં વ્હાલ જી... સૂનું લાગે ગોકુળિયું

ક્યાં છે માખણનો ચોર, મારો નંદકિશોર-મારા જીવનનો દોર જી
ક્યાં છે, ક્યાં છે આ ગાયો નો ગોવાળ જી ? સૂનું લાગે ગોકુળિયું

સૂના જમનાનાં વે'ણ, સૂના ગોપીના નેણ, સૂના દિન અને રેણ જી
ક્યાં છે નટખટ કાનુડો નયન-વિશાલ જી ? સૂનું લાગે ગોકુળિયું

તારો સૃષ્ટિનો તાત, તારો વૈકુંઠનાથ, તારો ત્રિભુવન પાળ જી
મારા માટે તો નાનકડો એ બાળ જી..... સૂનું લાગે ગોકુળિયું



લખમી નાં ખોળે, રૂપલા હીંડોળે
મને રે રમાડે કોઈ ભીડી-ભીડી બાથ,
મમતા ની છોળે, અમીરસ ઘોળે
મને રે જમાડે મારી રૂડી-રૂડી માત ... મને રમવા દો રાજ

દોડું - દોડું દોડું અને થાકું.
અંતર નથી રે આ કપાતું
પહોંચી -પહોંચી ને નથી પહોંચાતુ
નાના એવા પગ મારાં નથી દેતાં સાથ... મને રમવા દો રાજ

સ્નેહે ઉભરાતી એની આંખો
પ્રેમે છલકાતી એની આંખો
મીઠું મલકાતી એની આંખો
સ્નેહથી થરથરતા એના કંકુ ઝરતાં હાથ... મને રમવા દો રાજ

✻✻✻✻✻

આ રે પાર રે'વું મારે ઓલ્યા પારે ઘર
દડ - દડ દડે આંસૂડા પડે જયાં નજર

આંખોના બારણાજી - મમતાનાં પારણાજી
મીઠા ઘણાં-ઘણાંજી - નામ રે હુલામણા જી
આંખો અમીના ઝરણા, અમૃત અધર.........

છૂટા પડી જવાથી છૂટા પડાય ક્યાંથી
લહેરો નાં પ્રાણ જોયાં સાગરનાં મૂળમાંથી
આવ ને વિરાટ ! આવી મને બાથ ભર.........

મારા વિચાર ટૂંકા - મારી સિતાર નાની
એ પણ તને મળી ને મૂંગી થઈ જવાની
કરજે કબૂલ મારા અંતરનો સ્વર.........

તારાં ચરણોને અડીને ફૂલ આવ્યાં બારણે
પલમાં જાણે વસંત આવી, ઉપવન ખીલ્યાં આંગણે

તારલિયા નાં નયન કરી ને
શોધી જેને ફરી - ફરી ને
આજ અચાનક રણમાં આવી વરસી તે વિણ શ્રાવણે
.....ઉપવન ખીલ્યાં આંગણે

રાત ભૂલાઈ ગઈ સૂર્યનાં સિંદૂર માં
મિલન બાંસી થનગની જો ભૈરવી નાં સૂરમાં
કોણ જાણે ક્યા જનમો નાં પુણ્ય નું ફળ સાંપડયું !
કોણ જાણે આ કૃપા મુજ પર થઈ ક્યા કારણે !
.....ઉપવન ખીલ્યાં આંગણે

*****

માડી ! તારા ખોળે સંતાવું મારે
જોતાં નથી રે ત્રિલોક, નથી જોતાં મારે

માખણ ચોરૂં ઘર-ઘર જઈને
બાંધ મને તું સાંકળ લઈને
નથી જોતી દ્વારિકા જસોદા ! મારી માં !
મોરલડી લઈ આપ, જઉં જમુના ધારે......

મોર-મુકુટ મારો લાવી દે
ચાંદલિયો રમવા આપી દે
ઘણી મને અનુકૂળ વ્રજની આ ધૂળ
શ્યામ મુખે મુજ ચોળ, ધોળા થાવું મારે......



નામ લઉં ત્યાં તો કીર્તન જાગે
નગરી મને મારી વૈકુંઠ લાગે

વિધ વિધ ગીતો એક જ નામે
અગણિત નામો એક જ રાગે

બંધ નયન નું ધન શામળિયો
રૂદિયા માંહે બંસી વાગે

અંત સમયમાં આવી જાજે
તારો પ્રેમી આશિષ માગે

*****

ચોરે છે ચીર અને વનમાં ભમે છે
કાળો છે તોય મને કાનો ગમે છે

ત્રિભુવન નો નાથ થઈ લીલા કરે છે
ચોરી કરીને સદા માખણ જમે છે
.... મને કાનો ગમે છે

સોનાની સાંકળથી લાલો બંધાય જો
'થઈ ગઈ છે ભૂલ' કહી માં ને નમે છે
.... મને કાનો ગમે છે

કાલિય-દમન કરી બંસી બજાવતો,
પર્વતનો ભાર આંગળી પર ખમે છે
.... મને કાનો ગમે છે

એક ખૂણે રે મને આશ્રય દે, માં !
સાંજ પડી આથમણે;
ઘરે - ઘરે ફરી વળ્યો ભાવ-ભિખારી
આવ્યું નહીં કોઈ બારણિયે.

ચાંદી માગી, સોના દીધાં
મોતી માગ્યાં, હીરા દીધાં
મળી નહીં, મળી નહીં પ્રેમ ની ભિક્ષા
સ્વપ્ન રહ્યાં સૌ પાંપણિયે........

અસત્ ભરેલી ને દુખિયારી
આવી કેવી દુનિયા તારી
કરી કરી અને કરી આવી રચના !
જોઈ સદા ભીનાં નયણે.....

*****

ઘરે લઈ જા,
આંધળા ને ઘરે લઈજા;
પથ મને ક્યાંથી જડે માં ?

ભમરડા, દડા ને ઠેરી
રમતાં ગૂંજે રે શેરી
હું આમ રાંક
શું મારો વાંક !
આનાં જવાબ કંઈ દેતી જા, માં ! આંધળા ને ઘરે લઈજા

તારે મને પડતાં જોવું
મારી સાથે-સાથે રોવું
વિધિએ આ કેવા લખ્યાં લેખા, માં ! આંધળા ને ઘરે લઈજા



કોણ કહે, કાનૂડાને કોણ કહે !
એને સમજાવ જશોદા !

બે ઘડી આંખ મળી
ત્યાં તો ફૂટી મટુકી
લૂટ માખણની કરી દોડતો જાય
જોને સંતાઈ ગયો ધેનુ-ધણ માંહ્ય;
થોડો ફટકાર યશોદા
ટાપલું માર જશોદા.........એને સમજાવ જશોદા

આ તો બસ વાત કરી
કોઈ ફરીયાદ નથી,
રોજ મોકલજે મારે આંગણે રમવા
એ જ ઉપકાર જશોદા.........એને સમજાવ જશોદા

*****

સ્વપ્ન મહીં દેહ ધરી આજ મળી કલ્પના
જાગવું ના, મારે જાગવું ના.

જગ આખું સુખ શોધે
પલ ભર પણ ના થોભે
અંતર નું સુખ સાચું, બાહર ની ઝંખના
જાગવું ના.......

લાવી ને શું લાવ્યાં
સાથે શું લઈ ચાલ્યાં !
સોના કરતાં મોંઘી આંખોની અલ્પના...
જાગવું ના.......

નભની પેલા પારે
મોહન ના સથવારે
બંસીના સૂરો ની ચાલે છે સાધના....
જાગવું ના......

જા તને મારા વિના દુનિયા મળે
હું નહીં, ચાંદી મળે સોના મળે

જે તને સાથી મળે, મારા મળે
મેં લખેલાં ગીત ગાનારા મળે

તું ગમે ત્યાં હોય, અજવાળા મળે
મેં કરેલા દીપ રૂપાળા મળે

યાદ તું કરજે મને મારા પછી
બાદબાકી નાંય સરવાળા મળે

તું મને તારો ગણી લે ત્યાં સુધી
જે મળે બેચેન કરનારા મળે

❋❋❋❋❋

નથી સુરાલય જાવું મારે નથી શિવાલય જાવું
આ વડલા ની નીચે બેસી ગીત તમારૂં ગાવું

બે આંખો લઈ ક્યાં ક્યાં જોવું, બે ચરણો લઈ ક્યાં ક્યાં દોડું
જગનાં પાષાણો ને પૂછી-પૂછી ક્યાં અફળાવું ?

પાંચ તત્વનાં આ સરનામે, આવું સામે વગર વિસામે
પવન, અનલ, જલ, નભમાં રહેવું ધરતીમાં ધરબાવું

પ્રેમી શે અળગા રહેવાનાં, વ્હેલાં કાં મોડા મળવાનાં
કોક દિવસ તો અધરો અડશે, બંસી થઈ હરખાવું

અજબ દશા છે, અજબ સજા છે, વિરલ પ્રેમની અજબ મજા છે
કેમ હસું છું, કેમ રડું છું, કેમ કરી સમજાવું.



નયન મહલનાં પ્રેમ દ્વાર થી આંસુ કાં આવે
હ્દ્વીણા નાં મંદ્ર તાર થી આંસુ કાં આવે !
એજ નદી ને એજ કિનારો - વડલાની છાયા
એજ વાટડી તોય સારથી ! આંસુ કાં આવે
શોધી - શોધી ને મન કેવું સુખ રે શોધે છે
સાંજ પડે જયાં થાય આરતી, આંસુ કાં આવે
હૃદય વેધતી વિરહ વેદના પૂર્ણ થતાં આજે
મિલન-પર્વ ની આ સવારથી આંસુ કાં આવે
તને જોઈને યુગો - યુગોની સ્મૃતિઓ તાજી થઈ
સો જન્મો ની સીમ પાર થી આંસુ કાં આવે

❋❋❋❋❋

બસ જવાનું થયું ટાણું, દે ને વિદાય
ગાને પેલુ મધુર ગાણું, દે ને વિદાય

કોણ જાણે કેટલા યુગ વાતમાં વીતી ગયાં
તુ ન જાણે, હુ ન જાણું, દે ને વિદાય

હાથ માં લે ભાવ ભીના ગીત ગાતી આ સિતાર
આજ મારૂ એક નાણું, દે ને વિદાય

લાવ તારા હાથ થી ચંદન સમી આ ધૂળ દે
જાતાં - જાતાં તિલક તાણું , દે ને વિદાય.

માટી માંથી માટી - માટી,
શું માનવ ! શું ઘોડા - હાથી !

જાન મજાની ચાલી આવે
ચાલી આવે ગાતી - ગાતી

સૂરજ જોયો પૂરવ માંથી
એને પૂછો "આવ્યો ક્યાંથી" ?

કોઈ નિયંતા ક્યાં છે, બોલો
છે સૌ એક-મેક ના સાથી

પડછાયા નાં પગ ને પૂજો
શરૂ થાય છે કાયા જયાંથી

*****

રડતા ફૂલો, દુઃખની માળા
ભૂખી થાળી, તરસ્યાં પ્યાલા
અમ નિર્ધન ની ફૂલ -પાંખડી
ફૂલ ગણી લેજે તું વ્હાલા.

સૂકી નદીઓ, સૂકા સરવર
ઉડતી ડમરી, બળતા ખેતર
ક્યારે આવે વાદળ કાળા
ટળવળતા બેઠા છે બાળા.

ફટ રે રાણી, ફટ રે રાજા
શું કરવા લખલૂટ ખજાના
સોનાના મહેલોને તાળા
ઝૂંપડિઓ નાં હૈયાં આળા.

જે આવ્યું તે હરિને હાથે
જે દીધું તે દીનાનાથે
આમ કહી ને હસતાં - રોતાં
નયન અમારા આંસૂવાળા.



પ્રેમાંજલિ ગીતોની સ્વીકારી લે.

મનનાં મહલમાં મોજે મુક્ત બની રાચું
સ્મરણો નાં નૂપુર બાંધી છુમ છનન નાચું
આ નૃત્ય ચગશે, તું મન વિસ્તારી લે

મનને, હૃદયને, તનને, સ્મિત સહજ વદનને,
આ પ્રકાશતાં આનન ને, બોલતાં નયન ને,
મધુચંદ્રમા ને કાજે શણગારી લે

પ્રેમાંજલિ ગીતોની સ્વીકારી લે

*****

નિહાળો ને મને અનિમેષ નયને
લભે જયાં ધન્યતા નાં ધન હૃદયને

સુધાનાં મેઘ ને વરસી જવા દો
અધૂરૂં ગીત પૂરૂં થઈ જવા દો
સહારો અર્થ નો દો ને અધર ને.........

ધબકવા દો હરણફાળે હૃદયને
ન રોકો વેગવંતા શ્વાસ-લયને
નિરંકુશ નૃત્ય કરવા દો ચરણને.....

જ્યાં સાંજ પડે, ઘર યાદ આવે

જો, વડલાની છાયા નીચે
મારો બાળા રાજા હીંચે
જે ઘરે આવતો જોઈ મને, દડબડ - દડબડ દોડ્યો આવે.....

ડાહ્યો, ભણેલ ને ખંતીલો
મલકાતા મુખવાળો ભઈલો
"ચલ ને, ખૂણે મૂકવા આવું" કહેતો - કહેતો સીમે આવે....

"બેટા ! શરીર ને સાચવજે
દર દસમે દી કાળ લખજે"
આગળ કંઈ બોલે ત્યાં માડી શ્રાવણ-ભાદરવો વરસાવે.....

નયનો ને છાપામાં વાળ્યા
બાપૂજી એ આંસૂ ખાળ્યા
આશિષ દેતા હાથો મારા માથે, ભાલે, ગાલે લાવે......

* * * * *

કયા સરનામે, કોના નામે
મોકલવું આ ગીત !

હૈડાં ના ધબકારાનું ધન,
નૃત્ય મંદિર ચરણોનું નૂતન
આ માદક સંગીત........ આ ગીત

નિત્ય નિમંત્રણ દેતું આ મન -
આ વખતે નવલો છે શ્રાવણ
બદલાતી સહુ રીત........... આ ગીત

કાગ-સ્વરો માં શુકન સમાયાં
શરણાયું એ ગાણાં ગાયાં
ફળશે મારી પ્રીત.......... આ ગીત

કૃષ્ણ : એ રાધા ! હું મોહન તારો,
સાંભળજે આ નાદ:

રાધા : એ મોહન ! હું રાધા તારી
સાંભળજે આ સાદ

કૃષ્ણ : મોકલજે બે ઝાંઝર તારા
મધુરાં જેના વેણ,
મોકલજે કાજળ નું ટપકું
હસતાં જેથી નેણ,
સોળ કરી શણગાર........... સાંભળજે આ નાદ

રાધા મોકલજે વાંસલડી તારી
મોહિત કરતી તાન
જે જીવન ને રસમય કરતી
ભૂલવતી જે ભાન....
મુજ અબળા ના પ્રાણ......... સાંભળજે આ સાદ

* * * * *

એક સુખદ પ્રાત
લઈ બંસી હાથ
આવો અહીં મમ હૃદય નાથ

કટિ પીત-પીતવસન
ઘનશ્યામ શ્યામ-વદન, અનુપમ લલાટ મણિ-મુકુટ માથ
આવો અહીં મમ હૃદય નાથ !
આકર્ણ નેત્ર યુગલ
નિત ભક્ત કાજ વિકલ, ઓ વિશ્વતાત, શ્રીમાત સાથ
આવો અહીં મમ હૃદય નાથ !

મને જે ગમે તે તું, બસ તું, બીજું કોઈ નહીં રે
તુજ વિન જગમાં મારૂં નથી ક્યાંય નથી, નહીં કોઈ નહીં રે

તને સુખ ન મળે તો જા
આનંદ લભે ત્યાં જા,
આ સ્મરણ સમાધિ હૃદયની છોડી
જોવું શું સંસાર મહીં રે !................મને જે ગમે તે તું

સહેશું વિરહ-અગન ને નિસ-દિન
રહેશું સદા ઉદાસ,
દિવસ દઝાડે, રાત રડાવે
મન રે' ભલે હતાશ

પ્રિય ! રસમય જીવન તારૂં હો
પ્રેમાંકિત, શુભ કરનારૂં હો,
પથ થી ન મને જો વળી - વળી ને
હું જન્મોથી ચિર-વિરહી રે..... મને જે ગમે તે તું

*****

મુજ નમાયાનાં હવે કોણ લે ઓવારણાં રે
માં ! તને ક્યાં રે ઉપાડી જાય છે લોકો બધાં
કેમ સાંભળતી નથી તું - કેમ રોવે છે બધાં
કેમ તું ચુપચાપ ચાલી જાય છે મૂકી મને
માત ! શું પૂરા થયાં આજ લેણાં આપણાં રે !
આયખું આખું અકારૂં ઓશિયાળું વીતશે
રોજ રોતું, કકળતું, મમતા-વિહોણું વીતશે
ના, નહીં સહેવાય તારા આ અબોલા, બોલ ને,
ઝંખના ને ડંખના મૂકી જશે સંભારણાં રે !
ગાલ પર બચિઓ હવે થી કોણ રે વરસાવશે
કોણ હાલરડા હવેથી રોજ રે સંભળાવશે
કોણ કહેશે વાર્તાઓ, કોણ રે હીંચોળશે
કોણ રે બોલાવશે લઈ નામ હુલામણાં રે !



દિવસોના દિવસો ને વરસો નાં વરસો
થયા, પથને જોયા કરૂં
આશા - નિરાશા માં કરૂં વાર - તિથિઓ
હસું ને ઘડી થરથરૂં
હવે તો મને આવી મળો મારા પ્રીતમ !
જોડ ઘી નાં દીવા કરૂં.

શ્રાવણની હેલીમાં માટીનો મનખો
જોને કેવો ભડ - ભડ બળે,
જોષીડાએ કીધેલી મીઠી- મીઠી વાતો;
આવી ને વળગે ગળે
અને શુક ! શુકનતારા પડે આજ સાચા
તો સોના ના પિંજરાં કરૂં !..........
જોડ ઘી નાં દીવા કરૂં.

સેંથીમાં આવી ને પૂર મારા કંકુ
મેં'દી નાં કર ને વખાણ,
ઘર ના પ્રસંગો માં દે મીઠાં મેણાં
છુપાઈને છેડો તો તાણ;
તુલસીના ક્યારા નાં સમ, ઘર સજાવી
કોડ મનનાં પૂરા કરૂં.......
જોડ ઘી નાં દીવા કરૂં.

તું નથી પાસ પ્રિયે પણ આજે
તારી યાદોનાં નીર વરસે છે

તું નથી પાસ પ્રિયે, આકાશે
સૂર્ય છે તોય બધે અંધારાં,
કાલ મેળાવડે મળ્યા'તાં તે
જાણે કોઈ સગાં નથી મારાં;

તું નથી પાસ પ્રિયે ! હૈયાં ને
વેદનાઓ હજાર દંશે છે.........

તું નથી પાસ પ્રિયે ! તુલસી ને
કાલ પાણી ચડાવતાં ચૂક્યો,
પ્રાર્થના ગાઈ પણ વિના ભાવે
દીપ ગોખે વગર મને મૂક્યો;
તું નથી પાસ પ્રિયે ! તો ઘરનું
આંગણું પણ અજાણ દીસે છે..........

તું નથી પાસે પ્રિયે ! તો કંકણ કોના રણક્યાં કમાડની પાસે
જાણે પાસે થયો કોઈ પગરવ, જાણે કોઈ અડયું અનાયાસે
તું નથી પાસ પ્રિયે ! તેમ છતાં તું મને આસ-પાસ ભાસે છે
તારી યાદોનાં નીર વરસે છે



એની ચિર નિદ્રાને ભાંગશો મા
દરદ ભર્યું એ સુમન ખર્યું છે
કાંઈ પૂછશો મા, કોઈ બોલશો મા.........

પ્રિયતમ નો પથ જોઈ જોઈ
આંખો ખોઈ રોઈ - રોઈ
આ છે નયન નીરથી ભીની ધરા, અહિ ચાલશો મા. એની ચિર નિદ્રાને....

સૂકા ફૂલોની પાંદડિઓ છે વિખરી
છબિ છે રાખી એણે હૈડા ઉપર બાથ ભરી,
જે પ્રેમ-જગત માં લીન થયો
તેને બાંધશો મા, તેને રોકશો મા.....
એની ચિર નિદ્રાને ભાંગશો મા

*****

આ વૈશાખ પ્રભાતે
કેવી મધુ રસ-ધારા
ધન્ય મેઘમાલે ! ધન્ય ચરણ તારા !

અનુકંપા ની સીમા પાર કરી
નિહારિકાથી આવી દ્વાર ઊભું કોઈ તારા !.... આ વૈશાખ પ્રભાતે

છલકાતું, ઉભરાતું અંતર
પગમાં નૂપુર, શબ્દોમાં સ્વર
અક્ષય અનુપમ અતીવ સુંદર;
અનુભવ નૂતન, ક્ષણે - ક્ષણે
સાકાર થાય નિરાકારે
જયાં ના હોય કિનારા..................... આ વૈશાખ પ્રભાતે

પૂરી થાવા આવી વેળા
તોયે ચાલે મેળા !
લાખો સપના - લાખો આંખો
લાખો પંખી, લાખો પાંખો
ચાલ્યા આવે ટોળા......... પૂરી થાવા

જીવન ધારા આકર્ષે રે !
પાસે આવી આમંત્રે રે !
નાચો - નાચો, ઝૂમો ને ગાઓ
સૂરજ સાથે કોઈ ન જાઓ
રે'જો મેળે ભેળા........ પૂરી થાવા

* * * * *

શાને મે ના કર્યું ભીનું આંગણું
નયન નાં જલે !
આશા ન્હોતી આમ અચાનક રે
આવશો તમે !
પાર કરી રણ આવ્યા તમે
છાયા વિના ચાલ્યા તમે
તાપ સહ્યો, કષ્ટ સહ્યાં રે
મારા કારણે !..........
મેં પથ જોયો બેસી - બેસી દ્વારે
સ્વપ્ન ભરી આંખે,
કેવી પીડા વેઠી તમે
ઊડી-ઊડી પાંખે
સાવ અજાણે કેવી પીડા
કેવા - કેવા દુખ મેં દીધા
આજે સુખદ મિલનનાં ક્ષણે
પ્રિય, ક્ષમસ્વ મે !



ભીનાં હોઠો, ગીતો ભીનાં
ભીની મારી વીણા
ભીના રંગે ભીની કાયા
ભીના પંથે ભીની છાયા
સઘળા ચિત્રો ભીનાં....ભીની મારી વીણા

જાણે કોઈ ખેંચે આજે
ભીના સૂરે ભીની સાંજે,
એને કેવા માટે શબ્દો
એને ગાવા માટે સૂરો
મનને લાગે હીણાં....ભીની મારી વીણા

* * * * *

સમય નીરની સરિતા મહીં રસ થી નીતરતાં
જે-જે વાતો થઈ હતી તે-તે વિસરી ન જતાં
પ્રણય નિવેદન ની એ વાતો
પવન વહે છે ગાતો - ગાતો,
વાદળ ઉપર લખતો જાતો
તવ સ્મિતની કવિતા...... રસ થી નીતરતાં

નીરવ નભમાં પૂનમ પથમાં
ચંદ્ર ચઢ્યો ગગને
નયન, નયન ને; હ્રદય, હ્રદય ને;
મન મળિયાં મનને.
સરી સિતાર, થાક્યાં તાર
રહી જવાનો વિરહ અપાર !
સોંપું છું કંકણ નો ભાર
અળગા નવ કરતાં.......રસ થી નીતરતાં

જીવન ગીતો પામ્યાં અધર કેરાં તીરે
કીધાં અભિષેક જી નયન કેરાં નીરે !

ભાવ મેઘથી રૂંધાયેલાં
પ્રેમી હૈયાં ભીંજાયેલાં
બજે શ્વાસ મહીં સૂર, સજે સાંજ સિંદૂર
સુહાગિની-રજની આવે ધીરે-ધીરે....નયન કેરાં નીરે

* * * * *

હોઠો પર નાં ગીતો લૂછે લોચન કેરાં પાણી

સ્વપ્ન ભુજા માં જયારે આવે, સૂર્ય ઉગે પણ ભાન ન આવે
ચૌદ ભુવનમાં બસ બે પ્રેમી, હું રાજા, એ રાણી

એમ જવાથી નથી જવાતું, દૂર હૃદય થી નથી થવાતું
શકય મિલન છે સ્પર્શ વિહોણું, શબ્દ વિનાની વાણી

શબ્દ સૂરનાં સંગ - સથવારે, શુષ્ક સરિતનાં વિજન કિનારે
આજ અચાનક કયાંથી એની ચૂડલિઓ સંભળાણી !



નદીનાં શાંત તીરે

દોડ ધીરે બાવરી, જો તો ખરી,
એ શર્વરીનો ચંદ્ર છે, તારો વિકલ પ્રીતમ નથી રે

...... તું સજી શણગાર સોળે પ્રેમથી
બેબાકળી - બેબાકળી છું સાંજ થી
ધીર ધર, અભિસારિકા, આવી જશે
સઢ ચઢાવી નાવ ફેરવતો હશે,
આજ છે મોડુ થયું ધીમા સમીરે.........

પ્રેમથી ઉત્તપ્ત છે તારૂ હૃદય
ને વળી આ રાતનો મધુમય સમય-
સ્વેદ તારૂં વદન ચમકાવી રહ્યો
ચંદ્ર તારા રૂપથી લાજી રહયો
જો લપાયો છે નદી ના શીત નીરે.
નદીનાં શાંત તીરે.

* * * * *

સરખાં-સરખાં દ્વાર નગરમાં સહુનાં લાગે ત્યારે
કેમ કરી ભિક્ષા હું માગું આવી દ્વાર તમારે ?

જયારે આવી માગું તો કે'જો શબ્દો બે મીઠાં
અંતરનાં રંગોમાં રંગાયેલાં, ચેતનવંતા,
આશા થી અભિષિક્ત સવારે....

જયારે હું માગું તો દેજો ભિક્ષામાં બે ફૂલો
દેજો જન્મો-જન્મો નો એ યુગ મધુમાં ડૂબેલો
આ જન્મે, આજે, આ પારે....

મારાં બે નયન
તારી આંખની પાંપણો કેરાં છાયે વસેલી ફૂલની સૌરભ શોધે,
આવી સાંજે દૂર સુદૂર અતિદૂર પ્રદેશે
ભૂલો પડી ન જાઉં, જોજે.........

અંતવિહીન નીલ નભે શોધતો ફરૂં
ગીત બની ગૂંજતો ફરૂં
અતિક્લાંત, અતિશય શ્રાંત થઈ ફરૂં
પગ ન તોય ક્યાંય થોભે......ભૂલો પડી ન જાઉં, જોજે

આજ આંગણે ઈન્દ્રધનુષને વિનવી
અલ્પના કરી નવી,
જો પ્રિયે ! એ મહીં સૌભાગ્ય રેખા !
મંદ્ર સ્વરે પ્રેમ ભર્યું કાંઈ બોલે.....ભૂલો પડી ન જાઉં, જોજે

તારા નગરે સાદ કરૂં છું આજે, પ્રાસાદે - પ્રાસાદે
જાણે કોઈ ફરિયાદ કરે મધુર સાદે
'કે કોઈ હાથ ઝાલશે
'કે કોઈ મારી સામું જોશે !' ભૂલો પડી ન જાઉં, જોજે



મને કોણે પે'રાવી આ માલા
ભીનેરી રાતે ! ભીનેરાં હાથે !
જાગીને જોયું જોઈ
દીસે ન કોઈ,
ખોયું રે મોંઘેરૂં મોતી
સુખનાં પ્રાતે.......

કોણ જાણે ક્યારે
ચાલ્યો ગયો અંધકારે,
પ્રિયતમ ગયો આંગણિયે થી, બારણિયે થી,
આંખોમાં આંસૂ છે
ભાંગેલી વીણાની વાતે.......

* * * * *

લઈ જાઉં પાછી તૃષા કેમ-
મન મૂકી પ્રીતમ કરો પ્રેમ.
આંખોથી હું ઉભરાઈ જાઉં
શ્વાસોથી હું છલકાઈ જાઉં
ભુજ-પાશ મહીં ભીંજાઈ જાઉં,
વરસો, અમૃતની ઝડી જેમ........

પિગળે મારો આ દેહ-દેશ
શોધો તો આવે શૂન્ય શેષ,
મારે ખોવાવું છે, રસેશ !
સ્વીકારો મારૂં હૃદય-હેમ........

યુગો નાં યુગો આંગણિયે ઝળહળશું
વિરહ પથ માં દીવા બની ને બળશું

ગમે ત્યાં છુપાઈ જૂઓ
ગ્રહો પર લપાઈ જૂઓ
અમે તો આકાશગંગા માં ફરી વળશું

સૌના નસીબે નથી પ્રિયતમ લખેલાં
હોતાં વિધાતા નથી સૌને ભળેલાં
ભલે વેધે વેદનાઓ
ભલે વધતી ઝંખનાઓ
ફળે જ્યારે સાધનાઓ તે પળે મળશું

* * * * *

જાતાં - જાતાં કોઈ રોકે
જાણે બાંધે, જાણે મોહે, જાણે ટોકે.

ના હાલે ના ચાલે દ્વારેથી
ના બોલે - ના પૂછે સામેથી
બસ નિરખે, બસ જોવે, અવલોકે ... કોઈ રોકે

સૌરભના સથવારે વરતાતું
ધબકારે - ધબકારે સંભળાતું
દેખાતું અંતરનાં આલોકે ... કોઈ રોકે

મધુ બોલે, મધુ ઢોળે આંખો થી
અમિ આપે, અમિ છાંટે હાથો થી
નિશિ - વાસર, ઘર માંહે, ભર ચોકે ... કોઈ રોકે



મને ક્યારે દેખાશે દેવારે
અંતરને દ્વારે
કાં તુલસી ક્યારે !

બંધાઈ ફૂલોનાં હારે,
શ્વાસોનાં તારે
ઓચિંતો આવે આ પારે
સાવ અણધારે !....મને ક્યારે દેખાશે !

વાદળ એ ક્યારે
વરસે અહીં મૂસલધારે !
આ સૂનો પથ ક્યારે ખૂટે
પલ્લવ ફૂટે !

બેઠા છે આંખે બે આંસૂ
પગ ધોવા પાંપણની ધારે ....મને ક્યારે દેખાશે !

* * * * *

સંધ્યા વેળા થાવા આવી,
ચાલો - ચાલો ભાઈ !

પામ્યાં સાથે, ખોયું સાથે
ચાલ્યાં સાથે, જોયું સાથે
ગીતો સાથે ગાઈ.... ચાલો-ચાલો ભાઈ !

ચાંદા ને કોઈ બાંધી લો ને,
સૂરજ ને કોઈ રોકી લો ને,
આ તે કેવો પીડા નો પલ
આવી ઊભા આંખોમાં જલ;
સંતાવું ક્યાં ધાઈ.... ચાલો-ચાલો ભાઈ !

જાવા ટાણે સામે રે'જો
પથ મારો ક્યાં, કે'જો

રંગો જોયા, આંસૂ જોયા
તડકા જોયા, છાયા જોયા;
મારા જુહાર લેજો.....પથ મારો ક્યાં, કે'જો

સંધ્યા રંગો રેલાવે રે
ગાઈ-ગાઈ બોલાવે રે:
એની મેળે હરખાતુ મન
એની મેળે ખેંચાતું તન,
સાથે - સાથે વે'જો.....પથ મારો ક્યાં, કે'જો

* * * *

મારૂં જીવન પાત્ર પૂર્ણ ભરી મીઠેરાં દીધાં રે દાન
કોઈ જાણે ના મારા પાત્ર નું પરિમાણ !

મુરલી મધુર ગાન કરે
જગત મહીં સૂર ભરે
ગૂંજતી ફરે
કોઈ જાણે ના હૃદય વસે કોટિ-કોટિ તાન
મીઠેરાં દીધાં રે દાન.

સુમન સતત્ સુખદ સુરભિ આપે
અતુલ્ય અમિ આપે

શ્રાંત ચરણ, તૃપ્ત હૃદય
શિશિર દ્વાર, શાંત મલય
કોઈ જાણેના અતિ સમીપ સાંધ્ય-દીપ, ધન્ય-ધન્ય પ્રાણ
મીઠેરાં દીધાં રે દાન !



એક જ ફુલડું મારૂં
ક્યાં મૂકી શણગારૂં
એક તરફ દેવાલય, પ્રીતમ !
એક તરફ ઘર તારૂં !

એક રહ્યો છે સાથી એકલતા નો
એક બન્યો સંગાથી જગમેળા નો
એક વિના નીરસ અજવાળું
એક વિના અંધારૂં.......... એક જ ફુલડું મારૂં.

એક મળ્યો શ્રધ્ધાનો દીપ બની ને
એક વિગત જન્મોનું પુણ્ય બની ને
એક વિના શ્લથ જીવન મારૂં
એક વિના નોધારૂં.......... એક જ ફુલડું મારૂં.

* * * * *

જગ મેળા મહીં ક્યાંક ખોવાઈ જાઉં તો શું મને ભૂલી જાશો !
અતિદૂર ગ્રહે ક્યાંક અટવાઈ જાઉં તો શું મને ભૂલી જાશો ?
મેં દોરેલા ચિત્ર તમારા, મારી વીણા, ગીતો મારા;
આવા અસંખ્ય પ્રસંગોથી છૂટો
પડીને જો પાછો ન આવું
તો શું મને ભૂલી જાશો ? જગ મેળા મહીં......

સો - સો રંગ લઈને સાથે આવશે કોઈ દ્વાર
નયનોમાં લઈ મૂક નિવેદન જાવાને સાગર પાર.
તો શું બધું વિસરાઈ જવાનું,
જે જે કહ્યું તે ભૂલાઈ જવાનું,
ફૂલ સમું કરમાઈ જવાનું,
ધૂળ મહીં ધરબાઈ જવાનું,
મારા છો મારા, મારા છો મારા
મારા હતાં અને રહેવાના મારા
તો પણ હુ મુંઝાઈ જાઉં
'તો શું મને ભૂલી જાશો ?' જગ મેળા મહીં......

ડોલે વ્રજમાં બાલકિશન હરિ
ઝાંઝર રણકે ખનન ખનન હરિ
અતિ સુંદર બે કમલ નયન હરિ
અશરણ શરણન રક્ત-ચરણ હરિ
કનક-મેખલા કટિ ધારણ હરિ
ક્ષણ-ક્ષણ ઝણકે ઝનન-ઝનન હરિ
કુંતલ કેશ સુરેશ-વદન હરિ
કર બંસી, મુખ પર માખણ હરિ
હૃદય વસો નિત-નિત મોહન હરિ
તન-મન-ધન ચરણે અરપણ હરિ

*****

**થાળ**

પીતામ્બર પરિધાન રે માડી ભોજન કરો ને
સ્વીકારો સન્માન રે માડી ભોજન કરો ને
સૂરજને ચંદા નાં લાડુ જમાડું
તારા બને પકવાન રે માડી....
સાગર ભરી સાતે ખીર જમાડું
જમજો હો કરુણા-નિધાન રે માડી....
ક્યાં હું ને ક્યાં તું પણ અમ્બા ભવાની !
કરજો મને યજમાન રે માડી.........
અમ્બા ! ક્ષમા, મારી ભૂલો ન જોજે
વિધિ-રીતિ થી હું અજાણ રે માડી.....

*****



## મંદિરમાં ગૂંજતો (આર્ત)નાદ

પ્રેમ જગત માં ભાર ભરી દીધો તેં
ઉપવન માં અંધાર ભરી દીધો તેં
ગરલે પારાવાર ભરી દીધો તેં
નિર્મલ જલમાં ખાર ભરી દીધો તેં.
તારી સુંદરતા મારે જોવી'તી
તારી પોતાની સુગંધ જોવી'તી
એ ફૂલો નો હાર કરી લીધો તેં
શાખા નો શ્રૃંગાર હરી લીધો તેં
નથી મને સ્વીકાર ભેટ આ તારી
અર્ચન માં અંગાર ભરી દીધો તેં

*****

ફૂલ કહે ફેલાવું મારે
કંટક કે' પંકાવું મારે
દીપ કહે ન બુઝાવું મારે
તિમિર કહે ના જાવું મારે
પ્રકૃતિમાં લહેરાવું મારે
શા માટે બદલાવું મારે !
જેવો છું તેવો હરિ નો છું
માટે જીવે જાવું મારે.

*****

## મારાં ગીતોને પ્રેમ ન કર.

ક્યાં વિરહી મનની જવાલાઓ, ક્યાં તારાં સુકુમાર અધર !
જો વિષાદ થી ભીંજાયેલી
આ વીણા દુઃખ-દર્દ ભરેલી
મધુમાં ડૂબેલાં દિવસોની રંગ ભરેલી વાત ન કર.
મારાં ગીતોને પ્રેમ ન કર.
શબ્દોમાં સ્મરણો તારાં છે પણ સૂરોમાં અંગારા છે
દુઃખ થી ટેવાયેલ હૃદય પર પલ ભરનો ઉપકાર ન કર.
મારા ગીતો ને યાદ ન કર.


* * * * *

ઘણાં અનુપમ ઘડયાં છે તેજ, આગળ જો
પડ્યાં છે પથ ઉપર તારા, મધુર ફળ જો
તને આશિષ, બધાં ભંડાર આ જગનાં
ચિરંજીવી ! તને ફળજો, તને મળજો.
કરોડો સૂર્ય મેં આકાશ માં મૂક્યાં
કદી જે ધર્મ પોતાનો નથી ચૂક્યાં
અમારાં શીશ તારો દીપ જોઈને
ચિરંજીવી ! તને ઝૂક્યાં, તને ઝૂક્યાં.

* * * * *



## પરિચય



ગીતકાર : હિમાંશુરાય હર્ષદરાય રાવલ 'હકીર'

જન્મ : વઢવાણ (ગુજરાત) ૧૮-૧૦-૧૯૫૭

શિક્ષા : બી.કોમ. (મુંબઈ) આયુર્વેદરત્ન (પ્રયાગ), જ્યોતિષભાસ્કર (પૂણે)

અભિરુચિ : ગાયન, હારમોનિયમ-વાદન, લેખન, વાચન, સ્કેચ - ચિત્ર.

વિશેષ :

ગાયક તરીકે : બંગાળની પ્રસિદ્ધ સંગીત ચેનલ "તારા મ્યૂઝિક" પર સ્વરચિત હિન્દી ગીતોની રજૂઆત.

ગીતકાર તરીકે : આકાશવાણી / ડી.ડી. નાં અનેક કેન્દ્રો પરથી કવિ સમ્મેલન, મુશાયરા, કાવ્ય-પઠન તેમજ પ્રહસન તથા નોટકો / વાર્તાઓ (હિન્દી / ઉર્દૂ). આકાશવાણી (અધિનિયમ ૧૯૬૫ હેઠળ) માન્ય હિન્દી કવિ (૧૯૭૯ થી)

**'પિઘલતી બર્ફ' (૧૯૮૧) પ્રકાશિત જેમાં હિન્દી / ઉર્દૂ ગીત ગઝલ ભજન અને નઝ્મ સમાહિત. સ્વ. હરિવંશરાય બચ્ચન, સ્વ. કૈફી આઝમી અને સ્વ. 'હસ્રત' જયપુરી દ્વારા ભૂમિકા.**


સ્વ. હેમંતકુમાર, સર્વ શ્રી મન્ના દે, ભૂપેન્દ્ર સિંઘ, સુરેશ વાડકર, ઉદિત નારાયણ, પુષ્પા પાગધરે, સ્નેહલ ભાટકર, મીનૂ પુરુષોત્તમ પ્રભૃતિ ગાયકોનાં સ્વરમાં ગીતોના પ્રસારણ / પ્રસ્તુતિ (હિન્દી). તેમજ ગુજરાતીમાં પદ્મશ્રી દીવાળીબેન ભિલનાં સ્વરમાં ગીતો. સ્વ. હંસરાજ બહલ, સ્વ. સી. અર્જુન, શ્રી સપન-જગમોહન, શ્રી પ્રભાકર પંડિતની સ્વર-વ્યંજના પર હિન્દી / ઉર્દૂ ફિલ્મો / સીરિયલો માટે ગીત લેખન.

સંગીતકાર તરીકે : અગ્રણી નાણાંકીય સંસ્થા માટે 'અભિગમ' નામની ૧ કલાકની ડોક્યુમેન્ટરી ફિલ્મ.

**'હૃદયપાત્ર' હિન્દી-ઉર્દુ ગીત, નઝમો નો સંગ્રહ મુદ્રણ હેઠળ**

સામાજિક : પારૂલ રાવલે કરેલ જી મિલ્ક (મગફળીમાંથી ૪ રૂપિયા પ્રતિ લીટર દૂધ) તા. ૨૪-૪-૨૦૦૨ ના રોજ કરેલ નિદર્શન બાદ પ્રસાર / પ્રચાર નો કાર્યભાર. ઈંડિયા ટૂડે, ટાઈમ્સ ઓફ ઈંડિયા, ઈંડીયન એક્સપ્રેસ, હિંદુસ્તાન ટાઈમ્સ તેમજ ગુજરાતીમાં ચિત્ર લેખા, ગુજરાત સમાચાર, સંદેશ ઈત્યાદિ છાપાઓ; અને અનેક બંગાળી ચેનલ પર માનદ્ નિદર્શન.

સમ્પ્રતિ : શીર્ષસ્થ નાણાંકીય સંસ્થા માં સહાયક મહાપ્રબંધક તરીકે કાર્યરત્.


બંધ ન કરશો દ્વાર
કોઈ ઉભું છે બ્હાર.
સ્નેહ યુગોનો સંભારી ને
આજ નિમંત્રણ સ્વીકારી ને
લઈ ફૂલો નો હાર.... કોઈ ઉભું છે બ્હાર
હૃદય મહીં આસન આપી ને,
તરુવિહીન મરુપથ કાપી ને,
કરીને સાગર પાર.... કોઈ ઉભું છે બ્હાર
જો - જો એનો સૌરભ આવે
આવે એનો પગરવ આવે,
ધન્ય - ધન્ય આ સાંજ થતી રે
આ રજની સૌભાગ્યવતી રે
અનુપમ આ ઉપહાર.... કોઈ ઉભું છે બ્હાર
PARUL